શાળા અમારી તીર્થભૂમિ જ્ઞાન ગંગા જ્યાં વહે...

રાજપુર પ્રા. શાળા એ ગામમાં ગાંધીજીની કલ્પનાની 'નઈ ચેતના'ની અનોખી જ્યોત જલાવી છે : ૮૦ બાળકો છે પણ અહિ 'ઘરશાળા'ના નવતર અભિગમથી શિક્ષણ અપાય છે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરથી ૨૦ કિ.મી.ના અંતરે આવેલ રાજપુર પ્રા. શાળામાં સરસ્વતી સાધનાની અનોખી અલખ ગ્રામજનો અને શાળાના શૈક્ષણિક પરિવારે જગાવી છે. આ અનોખી અલખની ધૂને બક્ષીપંચની વસ્તી ધરાવતા ગામમાં એક નવી ચેતનાની જાગૃતિ લાવી દીધી છે તેમ કહેવુ જરા પણ અતિશયોક્તીભર્યુ નથી.

ખુબ જ પ્રસિદ્ધ પંક્તિ છે 'આઓ હવ સબ મિલકર દીપ જલાયે જહાં આજ ભી અંધેરા હૈ' ના મંત્ર સાથે આ રાજપુર પ્રા. શાળાના શિક્ષક પરિવારે જગાવેલી ધૂને ભલભલાને આકર્ષિત કર્યા છે. આ ધૂનમાં ઈઝરાયેલના ૨૦ એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે અને તેમને આકર્ષાયેલા જોઈ એમ.એસ.સી. માઈક્રોબાયોલોજી વિદ્યાર્થીઓ ગામમાં જ રોકાયા, ગામના રહીશો સાથે પરામર્શ કરી અને ગામની પ્રાથમિક શાળાના બાળકો માટે ચાર જુદા જુદા સ્ટ્રક્ચર શ્રમદાન અને ધનદાન કરી નિર્માણ કર્યુ.

આ સ્ટ્રક્ચરોનું રજી ઓક્ટો.૨૦૧૨ના રોજ લોકાર્પણ ચિત્રકાર કલ્પનાબેન દવેની ઉપસ્થિતિમાં થયું હતું અને કલ્પનાબેનમાં દબાયેલી શિક્ષણપ્રેમની વિષય સાથે થયેલા કલ્પનાબેન દવે જે ઓછા જાણીતા ચિત્રકાર છે તેમનો પણ સમાવેશ થાય છે.

ઈઝરાયેલના વિદ્યાર્થીઓ જુલાઈ સપ્ટેમ્બરમાં આ ગામે આવ્યા હતા. તેમણે શાળાનું વાતાવરણ જોયું. ત્યાં ચાલતી અનોખી સરસ્વતી સાધનામાં પોતાનુ યોગદાન આપ્યું. આ ૨૦ કિલાંગો માટે ચાલતી મંથન શૈક્ષણિક સંકુલને અને એક લાખ રૂ.નું દાન રાજપુરની પ્રા. શાળાને આજે અર્પણ કર્યું છે.

કલ્પનાબેન દવે આમ તો સંપૂર્ણ ગૃહસ્થાશ્રમમાં ઘરની જવાબદારી સંભાળે છે. તેઓના પતિ હરિશભાઈ દવે નાબાર્ડના ચીફ જનરલ મેનેજર પદે સેવાઓ આપી રહ્યા છે.

અહેવાલ – સંકલન
પ્રકાશ જહા ● પી. વી. પટેલ
તસવીરો : નટુભાઈ પટેલ - લિલોડા

સ્વાવલંબી જીવનનું શિક્ષણ અહીં અપાય છે..

વેપાર-વાણિજય અને કૃષિ સાથે શિક્ષણનો આ અભિનવ અભિગમ બાળકોને મઝા પડે છે..

રાજપુર પ્રાથમિક શાળાના બાળકોને શિક્ષણની સાથે પોતાના જીવનમાં સ્વાવલંબી બનાવવા માટેનું પણ સૌથી મહત્વનું શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

ગાંધીનગરના ખાનગી શાળામાં ફન ફેર દ્વારા બાળકોમાં રોજગારી મેળવવાના ગુણનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. આ જ પ્રકારનું શિક્ષણ પાટનગરના અંતરિયાળ વિસ્તારમાં આવેલી રાજપુર પ્રાથમિક શાળામાં આપવામાં આવી રહ્યું છે. તાજેતરમાં ઉતરાયણ સમયે શાળાના બાળકો દ્વારા ગામમાં બે પતંગ સ્ટોલ બનાવવામાં આવ્યા હતા. આ સ્ટોલ માટે પતંગની ખરીદી શાળાના શિક્ષકો દ્વારા બાળકોને સાથે રાખી કરવામાં આવી હતી.

માત્ર બે દિવસ ચાલું રહેલ આ પતંગ સ્ટોલ પરથી ૬૦ ઘરોની વસ્તી ધરાવતા ગામના ગ્રામજનોએ હોંશે હોંશે ખરીદી કરી હતી. આ સ્ટોલ નહિં નફો-નહિં નુકશાનના ધોરણે ચલાવવામાં આવે છે. આ વખતે એક સ્ટોલમાંથી ૧૫૦ રૂપિયાનો નફો થયો હતો. આ નફો બાળકોને આપવામાં આવ્યો હતો. વધેલા પતંગ પણ શાળાના બાળકોમાં વિતરણ કરવામાં આવ્યા હતા. આ રીતે સમયાંતરે આવતાં તહેવારોનુસાર ગામમાં સ્ટોલ ઉભા કરવામાં આવે છે.

તે સિવાય શાળાની નજીકની જમીનમાં શાળાના શિક્ષક બિંદીબેન અને પાર્થેશભાઈ દ્વારા ઘઉંની ખેતી કરવામાં આવી છે. અભ્યાસક્રમમાં આવતાં ખેતીના અભ્યાસનું જરૂરી પ્રેકટીકલ જ્ઞાન બાળકોને આ ખેતરમાં આપવામાં આવે છે. તેમજ અહીં વર્મી કંમ્પોસ્ટ ખાતર બનાવવાનો પ્લાન્ટ પણ ઉભો કરવામાં આવ્યો છે. તે સાથે સાથે જૈવિક ખેતીનું પણ જ્ઞાન બાળકોને પિરસવામાં આવે છે.

તાજેતરમાં શાળાના બાળકોએ શૈક્ષણિક પ્રવાસ પણ પોતાની કમાણીમાંથી કર્યો હતો.

સહિયારા પુરૂષાર્થથી રાજપુર એક આગવી ઓળખ બનાવી રહ્યું છે

ગાંધીનગર, તા. ૩

રાજપુર પ્રાથમિક શાળાના વિકાસ અને સુવિધા માટે ગ્રામજનો પણ શિક્ષકો સાથે ખંભેથી ખંભો મિલાવી રહ્યા છે. આ પરિવારની ભાવનામાં રાજય સરકારના પીપીપી કન્સેપ્ટ સાચા અર્થમાં સાર્થક થતી જોવા મળી રહ્યો છે.

રાજપુર ગામ માત્ર ૬૦ ઘરોનું છે. શરૂઆતમાં શિક્ષક બિંદીબેન અને આચાર્યશ્રી અનિતાબેન પટેલ આવ્યા હતા. ત્યારે શાળામાં માત્ર ૩૫ જ બાળકો અભ્યાસ અર્થે આવતા હતા. આજે શાળામાં ૮૦ બાળકો અભ્યાસ કરવા આવે છે. શાળાની કમ્પાઉન્ડ વોલ બનાવવા માટે સરકાર દ્વારા ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. આ લોનમાંથી વોલ બનવાની પણ શરૂઆત ગામના એસ.એચ.સી. કમિટના સભ્ય અને જૂથ ગ્રામ પંચાયતના સભ્યથી દિનેશભાઈ ઠાકોરે કરી હતી. તેમણે આ કામ શાળાના વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે તે માટે રાતના ૮ થી ૧૧ કલાક દરમ્યાન કામ કરવામાં આવતું હતું. શ્રી દિનેશભાઈએ અને ગ્રામજનોએ આ નાણાંનો ચેક સ્વીકારવાની ના પાડી હતી પરંતુ શિક્ષક બિંદુબેન અને આચાર્યશ્રીના આગ્રહથી તેમણે ચેક સ્વીકારી લીધો છે. પણ આ રકમમાંથી દિનેશભાઈએ શાળાના બાળકોને સ્પોર્ટસના સાધન લાવી આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

તેઉપરાંત ગામમાં ચાલતાં મહિલા મંડળમાં ગામની ૩૬ બહેનો સભ્ય છે. આ મંડળનો તમામ હિસાબકિતાબ શિક્ષક બિંદુબેન રાખી રહ્યા છે. મહિલાઓ પગભર બને તે માટે આ મહિલાઓને ૧૫ હજાર રૂપિયા જેટલી લોન પણ આપવામાં આવી રહી છે.

૩૦૦ની વસ્તી ધરાવતા ગામની આ પ્રાથમિક શાળામાં નોખી સરસ્વતી સાધના ચાલે છે. જ્યાં પિરિયડ બદલાયે શિક્ષકો કલાસરૂમ નથી બદલતા પણ વિદ્યાર્થીઓ કલાસરૂમ બદલે છે. આ શાળામાં ૮૦ કિ.મી.ના અંતરે આવેલ રાજપુર પ્રા. શાળામાં સરસ્વતી સાધનાની અનોખી અલખ ગ્રામજનો અને શાળાના શૈક્ષણિક પરિવારે જગાવી છે. આ અનોખી અલખની ધૂને બક્ષીપંચની વસ્તી ધરાવતા ગામમાં એક નવી ચેતનાની જાગૃતિ લાવી દીધી છે તેમ કહેવુ જરા પણ અતિશયોક્તીભર્યુ નથી.

ખુબ જ પ્રસિદ્ધ પંક્તિ છે 'આઓ હવ સબ મિલકર દીપ જલાયે જહાં આજ ભી અંધેરા હૈ' ના મંત્ર સાથે આ રાજપુર પ્રા. શાળાના શિક્ષક પરિવારે જગાવેલી ધૂને ભલભલાને આકર્ષિત કર્યા છે. આ ધૂનમાં ઈઝરાયેલના ૨૦ એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે અને તેમને આકર્ષાયેલા જોઈ એમ.એસ.સી. માઈક્રોબાયોલોજી વિદ્યાર્થીઓ ગામમાં જ રોકાયા, ગામના રહીશો સાથે પરામર્શ કરી અને ગામની પ્રાથમિક શાળાના બાળકો માટે ચાર જુદા જુદા સ્ટ્રક્ચર શ્રમદાન અને ધનદાન કરી નિર્માણ કર્યુ.

આ સ્ટ્રક્ચરોનું રજી ઓક્ટો.૨૦૧૨ના રોજ લોકાર્પણ ચિત્રકાર કલ્પનાબેન દવેની ઉપસ્થિતિમાં થયું હતું અને કલ્પનાબેનમાં દબાયેલી શિક્ષણપ્રેમની વિષય સાથે થયેલા કલ્પનાબેન દવે જે ઓછા જાણીતા ચિત્રકાર છે તેમનો પણ સમાવેશ થાય છે.

ઈઝરાયેલના વિદ્યાર્થીઓ જુલાઈ સપ્ટેમ્બરમાં આ ગામે આવ્યા હતા. તેમણે શાળાનું વાતાવરણ જોયું. ત્યાં ચાલતી અનોખી સરસ્વતી સાધનામાં પોતાનુ યોગદાન આપ્યું. આ ૨૦ કિલાંગો માટે ચાલતી મંથન શૈક્ષણિક સંકુલને અને એક લાખ રૂ.નું દાન રાજપુરની પ્રા. શાળાને આજે અર્પણ કર્યું છે.

કલ્પનાબેન દવે આમ તો સંપૂર્ણ ગૃહસ્થાશ્રમમાં ઘરની જવાબદારી સંભાળે છે. તેઓના પતિ હરિશભાઈ દવે નાબાર્ડના ચીફ જનરલ મેનેજર પદે સેવાઓ આપી રહ્યા છે.

કલ્પનાબેન દવે અને આ શાળામાં શિક્ષિકા તરીકે સેવાઓ આપતાં બિન્દુબેન ઝાલા (પંડ્યા) આમ તો દૂરના સગાં થાય છે.

આજે કલ્પનાબેન આ દાન આપવા માટે પહોંચ્યા ત્યારે શાળાના વિદ્યાર્થીઓ ગામમાં જ રોકાયા, ગામના રહીશો સાથે પરામર્શ કરી અને ગામની પ્રાથમિક શાળાના બાળકો માટે ચાર જુદા જુદા સ્ટ્રક્ચર શ્રમદાન અને ધનદાન કરી નિર્માણ કર્યુ.

આ સ્ટ્રક્ચરોનું રજી ઓક્ટો.૨૦૧૨ના રોજ લોકાર્પણ ચિત્રકાર કલ્પનાબેન દવેની ઉપસ્થિતિમાં થયું હતું અને કલ્પનાબેનમાં દબાયેલી શિક્ષણપ્રેમની વિષય સાથે થયેલા કલ્પનાબેન દવે જે ઓછા જાણીતા ચિત્રકાર છે તેમનો પણ સમાવેશ થાય છે.

ઈઝરાયેલના વિદ્યાર્થીઓ જુલાઈ સપ્ટેમ્બરમાં આ ગામે આવ્યા હતા. તેમણે શાળાનું વાતાવરણ જોયું. ત્યાં ચાલતી અનોખી સરસ્વતી સાધનામાં પોતાનુ યોગદાન આપ્યું. આ ૨૦ કિલાંગો માટે ચાલતી મંથન શૈક્ષણિક સંકુલને અને એક લાખ રૂ.નું દાન રાજપુરની પ્રા. શાળાને આજે અર્પણ કર્યું છે.

કલ્પનાબેન દવે આમ તો સંપૂર્ણ ગૃહસ્થાશ્રમમાં ઘરની જવાબદારી સંભાળે છે. તેઓના પતિ હરિશભાઈ દવે નાબાર્ડના ચીફ જનરલ મેનેજર પદે સેવાઓ આપી રહ્યા છે.

વિદ્યાર્થીઓ ભણે છે. ધો. ૧ થી ૭ની આ શાળામાં બિંદુબેન પંડ્યા આમતો લોકભારતી સણોસરાથી આવ્યા છે.

ગાંધીજીની કલ્પનાની 'નઈ ચેતના' ની અલખ તેમણે સાચા અર્થમાં અહિ જગાવી છે. તેમણે જે ધૂણી ધખાવી છે તે શબ્દોમાં વર્ણવવી શક્ય નથી. અહિ બાળકોના શિક્ષણ માટે 'ભાઈબંધ' નામની મોબાઈલ શાળા તો કોમ્પ્યુટર પર ચિત્રો દોરતા બાળકો 'રાજપુર સમાચાર' નામના પાક્ષિકનું સંપાદન પણ જાતે કરે છે. ૫૦૦ જેટલા હાઈકુઓનો સંગ્રહ હવે પ્રકાશિત થવાનો છે જે બાળકોએ રચેલા છે.

અહિ બાળકોને મધ્યાહન ભોજન યોજનાનું ભોજન લેવા માટે પણ ઉત્તમ સગવડ કરવામાં આવી છે. વેસ્ટમાંથી બેસ્ટના નિર્માણ આધારિત આ વ્યવસ્થા છે. જેમાં ગાડીના ઘસાઈ ગયેલા ટાયરોને માટીમાં ખાડો કરી રેતીથી ભરી દેવામાં આવ્યા છે.

બાલમંદિરના બાળકો માટે તેમના ઈઝરાયેલના વિદ્યાર્થીઓએ બનાવેલ ઓપન શિશુઘરમાં ટનલ તેમજ માંચડો પણ એક આગવુ આકર્ષણ છે. આ શાળામાં બાળકોએ ઉછરેલા ૨૦ થી પણ વધુ વૃક્ષોથી એક આખુ નીમકુંજ આકાર પામ્યુ છે. જે શાળાના સંકુલને અદ્‌ભુત શીતળતા બક્ષે છે.

આ શાળાનું સંચાલન શાળા પંચાયત અને શાળા મેનેજમેન્ટ સમિતિ દ્વારા થઈ રહ્યુ છે. જો કે શાળા પંચાયતના નિર્ણયને જ આખરી ગણવામાં આવે છે. આ પ્રા. શાળામાં પાંચ શિક્ષકો છે.

અહિ શાળા સંકુલ અને ગામ એક પરિવારમાં પરિવર્તીત થયા છે.

આ શાળા જોયા પછી જ કહ્યા વગર રહી શકાય નહિ કે 'શાળા અમારી તીર્થભૂમિ જ્ઞાનગંગા જ્યાં વહે'

● અનુસંધાન પાન-૭ પર

રાજપુર પ્રાથમિક શાળાને પૂછશો કે આપણા મુખ્યમંત્રી કોણ તો... જવાબ હશે...

આપણા મુખ્યમંત્રી કોણ? તેવા પ્રશ્નના જવાબમાં ગુજરાત રાજયની દરેક શાળાનો વિદ્યાર્થી નરેન્દ્રભાઈ મોદીનું નામ આપશે. પણ કદાચ...આ પ્રશ્ન રાજપુર પ્રાથમિક શાળામાં પુછાય તો જવાબમાં બિંદેશ ઠાકોર પણ આવી શકે છે આ માટેનું કારણ એક જ છે.

આ શાળામાં ભણતા બાળકોને રાજયના મંત્રી મંડળ અંગેની અને ચુંટણી પ્રક્રિયાની સમજ આપવા દર બે વર્ષે એક વખત ચૂંટણી યોજવામાં આવે છે. આ ચૂંટણીમાં રાજયના સામાન્ય ચૂંટણીની જેમ મતદાન યોજાય છે. જેનાથી બાળકોમાં નાનપણથી મતાધિકાર અંગેની જાગૃતિ આવે છે. પોતાના મતનું મૂલ્ય સમજી શકે છે. છેલ્લા વર્ષે યોજાયેલ ચૂંટણીમાં સ્કુલના મંત્રી મંડળની રચના કરવામાં આવી છે.

જેમાં મુખ્યમંત્રીશ્રી તરીકે બિંદેશ ઠાકોર, પાણી મંત્રી તરીકે જનકબેન ઠાકોર, આરોગ્ય અને સેનીટેશન મંત્રી તરીકે વિશાલ ઠાકોર અને સફાઈ મહેમાન મંત્રી તરીકે શ્રી ભાવેશ ઠાકોરની નિમણુંક કરવામાં આવી છે.

તે ઉપરાંત ગુજરાત રાજયની સમરસ ગ્રામ પંચાયતની વ્યાખ્યા બાળકોને સમજાવવા માટે બે વર્ષમાં એક વખત સર્વાનુમતે શાળાના તમામ વિભાગના મંત્રીની નિમણૂંક કરવામાં આવે છે.

શાળામાં પત્રકારો પણ તૈયાર થઈ રહ્યા છે...

રાજપુર પ્રાથમિક શાળામાં શિક્ષણની સાથે સાથે સમાજના પહેરી એવા પત્રકારત્વનું પણ શિક્ષણ આપવામાં આવે છે.

રાજપુર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રાજપુર સમાચાર નામનું મુખ પત્ર ચલાવવામાં આવે છે. જેમાં બાળકો દ્વારા ગામમાં અને શાળામાં કરવામાં આવેલ પ્રવૃત્તિના સમાચાર, હાઈકુ જાણવા જેવુંજેવી કોલમ પાડવામાં આવી છે. આ કોલમમાં શાળાના બાળકોના હસ્તે લખાયેલ સમાચાર છાપવામાં આવે છે. આજે આ મુખ પત્ર માત્ર શાળા પુરતું મર્યાદિત રહ્યું નથી પણ આસપાસના ગામોની શાળાઓમાં પણ મોકલવામાં આવે છે. આ મુખપત્રનું લે આઉટ પણ બાળકો દ્વારા નક્કી કરવામાં આવે છે.

આગામી ઉનાળાના વેકેશનમાં મુખ પત્રમાં છપાયેલ 'હાઈકુ'નો સંગ્રહ બહાર પાડવામાં આવનાર છે. આમ પ્રાથમિક શાળાના બાળકોને શાળાના આચાર્યશ્રી અનિતાબેન પટેલ, શિક્ષક શ્રી બિંદુબેન ઝાલા અને શ્રી પાર્થેશ પંડયા દ્વારા આત્મ નિર્ણયી અને કંઈ નવું કરવાની સાહસવૃત્તિના ગુણ સરળતાથી અપાઈ રહ્યા છે.

'ભાઈબંધ' નામની શૈક્ષણિક વાન દ્વારા વિષયોનું તલસ્પર્શી જ્ઞાન મેળવતા બાળકો

મારી શાળા-રાજપુરમાં ગુજરાતમાં કચ્છ વિસ્તારમાં ૨૦૦૧ના ભુકંપ સમયે ભાઈબંધ નામની શિક્ષણ મોબાઈલ વાન કચ્છની એક નન્ની ચેરીટબલ ટ્રસ્ટ રતનાલના માલિક મણીબાપાના હુલામણા નામથી ઓળખાતા દાતાશ્રી દ્વારા આ શાળાને સંર્પિત કરવામાં આવી હતી. જેમાં પાર્થેશ પંડયા દ્વારા અદ્યતન શૈક્ષણિક જ્ઞાન બાળકોને અપાઈ રહ્યું છે. આ વાન દ્વારા શૈક્ષણિક માળખાની રચનામાં ભાષા, ગણિત, વિજ્ઞાન, વગેરેનું તાદેશ્ય જ્ઞાન આપવામાં આવે છે. આ વાનમાં ગુજરાતી, વિજ્ઞાન, ગણિત, અંગ્રેજીનું શિક્ષણ આપવા માટે અદભૂત રચના બનાવી છે. તેમજ ટીવી, ડીશ ટીવી સે, લાઈબ્રેરી, મીટીંગ ખંડની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. આ ઉપરાંત નાના બાળકોને અંગ્રેજીનું પાયાનું જ્ઞાન આપી સજજ બનાવવામાં આવે છે. ભાઈબંધ નામની શૈક્ષણિક વાન દ્વારા બાળકોને જ્ઞાન મેળવવામાં હંમેશાં તત્પર બની હોંશે હોંશે શિક્ષણ મેળવી રહ્યા છે.

શાળાના પટાંગણમાંથી વીણેલી નવા આયોજનની વાતો...

- શાળાના બાળકો કુપોષણનો ભોગ બનતા અટકાવવા માટે શાળામાં ફળ-ફળાદિના વૃક્ષોનું વાવેતર કરાશે. હાલ પણ શાળાના પટાંગણમાં ૧૫ થી વધુ વૃક્ષો બાળકો દ્વારા વાવવામાં આવ્યા છે. તેની માવજત થાય છે.
- આગામી દિવસોમાં રાતે બેસીને વાંચવા માટે સોલર લાઈટ નાંખવામાં આવશે.
- આજ શાળાના વિદ્યાર્થી રાકેશભાઈ શાળાના બાળકોને કોમોપ્યુટર શીખવાડે છે.
- આ શાળાના બાળકોને ફોટોગ્રાફીનો પણ જબરજસ્ત શોખ છે. જેથી આર્ટકોર્નર ડેવલપ કરવાનું આયોજન છે.
- શાળામાં ધો. ૧ થી જ ત્રિભાષી શિક્ષણ એટલે કે હિન્દી, અંગ્રેજી અને કોમ્પ્યુટરનું જ્ઞાન આપવામાં આવે છે.
- શાળાના આચાર્યશ્રી અનિતાબેન પટેલ અને શિક્ષકોની ટીમ અહીં બાળકોની સંભાળ જ નહિ પણ જીવનલક્ષી શિક્ષણના પાઠ પણ શીખવે છે. શાળાનું સંચાલન પણ શાળા પંચાયત કરે છે.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com